# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૭/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ઇન્ડોનેશિયાનું ડેલીગેશન ચેમ્બરની મુલાકાતે, બંને દેશો વચ્ચે વ્યાપારિક સંબંધો વધુ વિકસાવવા ચર્ચા કરવામાં આવી

સુરત. કોન્સ્યુલેટ જનરલ ઓફ ધી રીપબ્લિક ઓફ ઇન્ડોનેશિયા, મુંબઇના કોન્સુલ જનરલ ઓફ ધી રીપબ્લિક ઓફ ઇન્ડોનેશિયા મિસ્ટર આગુસ પી. સાપતોનો અને કોન્સુલ (ઇકોનોમિક્સ) મિસ્ટર યાદી સુરીયાહાદીએ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. આ મિટીંગમાં ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે વ્યાપારિક સંબંધો વધુ વિકસાવવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, રિયલ એસ્ટેટ અને ફૂડ પ્રોસેસિંગ સહિતની ઘણી ઇન્ડસ્ટ્રી વિકસી છે. સુરત શહેરનું એરપોર્ટ દેશનું સૌથી ઝડપતી વિકસતું એરપોર્ટ છે, ત્યારે કોરોનાની મહામારી બાદ ઇન્ડોનેશિયાથી સીધી ફલાઇટ શરૂ થશે તો બંને દેશોના વ્યાપારિક સંબંધોને વધુ વિકસાવવા માટે ખૂબ જ પ્રોત્સાહન મળી રહેશે.

કોન્સ્યુલેટ જનરલ મિસ્ટર આગુસ પી. સાપતોનોએ ભારતના વેપારીઓ તથા ઉદ્યોગપતિઓ માટે ઇન્ડોનેશિયા ખાતે વેપાર–ધંધાની રહેલી તકો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને ઇન્ડોનેશિયા આર્થિક રીતે વિકાસની દિશામાં ઝડપી ગતિથી દોડી રહયાં છે ત્યારે બંને દેશો વ્યાપારિક સંબંધોમાં હજી નજીક આવે તે માટેના પ્રયાસ ઇન્ડોનેશિયા સરકાર દ્વારા કરવામાં આવી રહયાં છે. સરકાર દ્વારા વેપાર અને ટુરીઝમ ઉપર ખાસ ભાર આપવામાં આવી રહયો છે. ઇન્ડોનેશિયામાં ટુરીઝમ અને આઇટી ક્ષેત્રમાં પણ ઘણી તકો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલ ઇન્ડોનેશિયાથી ભારતમાં કોલ અને પામ ઓઇલ આયાત થાય છે. એ સિવાય સુગર, ઓનિયન અને રેડ ચીલી જેવી અન્ય કોમોડિટી પણ ભારતમાં એકસપોર્ટ કરવા પ્રયાસ કરી રહયાં છે. માત્ર એકસપોર્ટ જ નહી પણ ભારતમાંથી ઘણી કોમોડિટી ઇન્ડોનેશિયામાં ઇમ્પોર્ટ કરીશું. આવી રીતે બંને દેશો વચ્ચે બેલેન્સ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહયાં છે. ઇન્ડોનેશિયાના બિઝનેસમેનો પણ ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવાનું ઇચ્છે છે. તેઓ ભારતમાં આઇટી બિઝનેસમાં ઝંપલાવી એક ઓપન માર્કેટ ઉભું કરવા માંગે છે. સાથે જ ટ્રાવેલ એન્ડ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રી પણ ડેવલપ કરવાનો પ્રયાસ કરી રહયાં છે.

તેમણે કહયું હતું કે, ભારત અને ઇન્ડોનેશિયાનું કલ્ચર પણ એકબીજાને મળતું આવે છે ત્યારે ટુરીઝમ ક્ષેત્રને પ્રમોટ કરવા માટે ઇન્ડોનેશિયા સરકાર બાલી ખાતેનું ટુરીઝમ વિકસાવવા માટેના પાયલોટ પ્રોજેકટ ઉપર કામ કરી રહી છે. સરકારે, ઇન્ડોનેશિયાથી મુંબઇ અને દિલ્હી માટે ફલાઇટ ચાલુ કરવાનું નકકી કરી લીધું છે ત્યારે ૩૧મી ઓગષ્ટ ૨૦૨૦ બાદ આંતરરાષ્ટ્રીય હેરફેર શરૂ થશે તો બંને દેશોની ઇકોનોમી રન થઇ જશે.

શૈક્ષણિક ક્ષેત્રે પણ બંને દેશો વચ્ચે સ્કોલરશિપ પ્રોગ્રામ ડેવલપ કરવામાં આવ્યા છે. જેમાં ભારતના વિદ્યાર્થીઓ ઇન્ડોનેશિયામાં અને ત્યાંના વિદ્યાર્થીઓ ભારતમાં એજયુકેશન એકસચેન્જ પ્રોગ્રામ અંતર્ગત શિક્ષણ મેળવી શકે છે. ઇન્ડોનેશિયાના જાકાર્તામાં ભારતની ગાંધી સ્કૂલ ચાલે છે.

મિટીંગમાં ઉપસ્થિત વેપારી–ઉદ્યોગપતિઓએ બંને દેશો વચ્ચે યાર્ન અને ફેબ્રિકસના વેપારને ફરીથી ધમધમતો કરવા માટે સૂચન આપ્યું હતું. ગુજરાતમાં પણ હેરીટેજ ટ્રાવેલીગ માટે ઇન્ડોનેશિયન ડેલીગેશનને સૂચનો આપવામાં આવ્યા હતા. આથી ટેક્ષ્ટાઇલ અને ટુરીઝમ ક્ષેત્રને પ્રમોટ કરવા તેમજ બંને વચ્ચેની સમસ્યાને સમજવા માટે ઇન્ડોનેશિયન ડેલીગેશને ભવિષ્યમાં વેબીનારનું પ્લાનીગ કરીશું તેમ જણાવ્યું હતું.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇઝના પ્રમુખ રોહિત મહેતાએ બંને મહેમાનોનો પરીચય આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સુરતમાંથી ઘણા લોકો બાલી ખાતે ફરવા માટે, વેડીગ માટે તેમજ બિઝનેસ કોન્ફરન્સીસ માટે જતા હોય છે. આથી તેમણે સુરતથી બાલી વચ્ચે સીધી ફલાઇટ શરૂ કરવા માટે સૂચન કર્યું હતું. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય નિખિલ મદ્રાસીએ મિટીગનું સંચાલન કર્યું હતું.